# જીવનનું અંતિમ ધ્યેયઃ

## છોડવું કે ખીલવું ?

શું ત્યાગ, સંયમ, વૈરાગ્ય જીવનનું અંતિમ ધ્યેય છે ? શું પૈસા- પદાર્થોનું દાન તથા ઉપવાસ- આયંબિલ વગેરે બાહ્યતપ જીવનનો અંતિમ હેતુ છે ? કે પછી દાન, તપ, ત્યાગ, સંયમ બધા જીવનમાં સુખ, શાંતિ, પ્રસન્નતા મેળવવાના પ્રાથમિક પગથિયાઓ છે ?

વિચારજો, શું કોઈ બાળકને પ્રથમવાર નિશાળે જવાનું ગમશે ? દર વર્ષના અંતે ઉપરના ધોરણમાં જવાનું ગમશે ? પરંતુ આપણને ખબર છે કે એણે આગળ વધવાનું છે, સ્કુલમાંથી કોલેજમાં અને ત્યાંથી પણ આગળ ભણવાનું છે.

જીવનનું અંતિમ ચરણ છેઃ અવિરત શાંતિ, સુખ અને પ્રસન્નતામાં હરહંમેશ રહેવું. પરિસ્થિતિ બદલાતી રહેશે, ક્યારેક અનુકૂળ અને ક્યારેક પ્રતિકૂળ. પરંતુ દરેક પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહેવું, અલિપ્તભાવમાં રહેવું, સાક્ષી-દ્રષ્ટાભાવમાં રહેવું એ જ જીવનની મહેક છે. જોવું બધું, જાણવું બધું પરંતુ શેમાંય ભળવું નહીં એ જ જીવનની પ્રસન્નતા છે.

આ સમભાવ, સમદ્રષ્ટિ, સહજભાવ લાવવા માટે જીવનમાં પૈસા- પદાર્થો- ઈન્દ્રિયોનો મોહ ઓછો કરવાની જરૂર છે. અને એના માટે જ્ઞાની ભગવંતોએ દાન, તપ, ત્યાગની ભાવના વિકસાવવા ઉપર ભાર મુકેલ છે, કમનસીબે આપણે એ તપ-ઉપવાસ વગેરેને જીવનનું અંતિમચરણ માની એનાથી ઉપર જઈ, આગળ વધવાનો પ્રયત્ન કરતા જ નથી, વિચારતા પણ નથી.

જીવનનો ખરેખર આનંદ લેવો હોય, જીવનને જો માણવું હોય તો રસ્તો બહુ જ સહેલો છે પરંતુ થોડુંક વિચારવાની જરૂર છે, ચિંતન, મનન, મંથન કરવાની જરૂર છે.

એક જ્ઞાની ભગવંતે કહ્યું છે કે બ્રહ્માંડના મોટાભાગના જીવો પોતાની Need - જરૂરિયાત માટે જીવે છે. ફક્ત એક મનુષ્ય પોતાની Want - ભેગું કરવા માટે જીવે છે. ગાંધીજીએ પણ કહ્યું છે કે પૃથ્વી ઉપર દરેક જીવની જરૂરિયાત માટે પુરતું છે પરંતુ દરેક જીવના લોભ માટે અપુરતું છે. સંતોષ અને અપરિગ્રહ એ આ ત્યાગ, તપ, સંયમમાંથી શીખવાનું છે.

જીવનનું અંતિમ ધ્યેય છે પૂર્ણતાથી જીવન જીવવાનું. દરેક પરિસ્થિતિનો સ્વીકારભાવ અને દરેક પરિસ્થિતિ ઉપર પ્રભુત્વ એ જ દરેક ધર્મનો સંદેશ છે. જીવન જીવવું એ એક કળા છે, મહામૂલો લહાવો છે. જીવન જ્યારે ઉત્સવ બની જાય, જીવન જ્યારે સંગતીમય બની જાય, જીવન જ્યારે નૃત્ય બની જાય ત્યારે સમજી લેજો કે આપણે જીવન જીવી રહ્યા છીએ. બાકી મોટેભાગે તો આપણે રોજ ધીમે ધીમે મરતા હોઈએ છીએ. સુસ્ત જીવન જીવવું એટલે ધીમે ધીમે મરવું, સમય પસાર કરવો.

ધર્મ અને ધર્મમય જીવનમાં ફરક છે. ધર્મ ક્રિયા હોઈ શકે, ધાર્મિકતા ભાવ છે. ધર્મમાં જડતા આવી શકે, ધાર્મિકતા એક ઉચ્ચ અવસ્થા છે. ધર્મ પદાર્થોનો ત્યાગ કરવાનું નથી કહેતો, પદાર્થોની તૃષ્ણાનો ત્યાગ કરવાનું કહે છે. સૂકા ત્યાગથી, જડ સંયમથી સંકુચીતતા પ્રગટે છે. જ્યારે ધાર્મિકતા તો અંતરની ઉદારતા અને હૃદયની વિશાળતા છે.

દુનિયામાં મોટાભાગના માણસો જન્મીને મરે છે. બહુ જુજ વ્યક્તિઓ જન્મીને જીવી જાણે છે. ગુલાબનું ફુલ ખીલે છે, મુરઝાય છે પરંતુ વચ્ચેના સમયમાં મહેકી જાય છે. જન્મવું અને મરવું આપણા હાથમાં નથી, પરંતુ જીવન કેવી રીતે જીવી જવું એ આપણા હાથમાં છે. ચાલો પ્રયત્ન કરીએ આજથી જીવન જીવવાનો.